**ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC) અન્વયે વિભાગના નોડલ અધિકારી નિયુક્ત બાબત.**

ગુજરાત સરકાર

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0091/E

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ઇ-સાઇન મુજબ

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭/૦૫/૨૦૨૫ના હુકમ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0063/E

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૧/૨૦૨૬ના કાર્યાલય આદેશ ક્ર: SJED/AAT/e-file/17/2022/0004/E

કાર્યાલય આદેશ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭/૦૫/૨૦૨૫ના હુકમથી ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC)ને વિભાગ તથા વિભાગ હેઠળની કચેરીઓને સંબંધિત વિગતો સમયમર્યાદામાં પુરી પાડવા તથા ગુજરાત વહીવટી સુધારા પંચને સંબંધિત અન્ય કામગીરીના સંકલન માટે નોડલ અધિકારી તરીકે વિભાગના તત્કાલિન સંયુક્ત સચિવ(સંકલન), શ્રી જી.પી. પટેલની નિયુક્તિ હોદ્દાની રૂએ કરવામાં આવેલ.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૧/૨૦૨૬ના કાર્યાલય આદેશથી શ્રી નરેન્દ્રદાન એચ. ગઢવી, સંયુક્ત સચિવશ્રીને સંકલન વિષય ફાળવેલ છે.

આથી, ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC)ને વિભાગ તથા વિભાગ હેઠળની કચેરીઓને સંબંધિત વિગતો સમયમર્યાદામાં પુરી પાડવા તથા ગુજરાત વહીવટી સુધારા પંચને સંબંધિત અન્ય કામગીરીના સંકલનની કામગીરી માટે નોડલ અધિકારી તરીકે સંયુક્ત સચિવ(સંકલન), શ્રી નરેન્દ્રદાન એચ. ગઢવીની હોદ્દાની રૂએ નિયૂક્ત કરવામાં આવે છે. વિભાગ ખાતે સંયુક્ત સચિવશ્રી(સંકલન) તરીકે હાલ કાર્યરત અધિકારીના નામ, હોદ્દો, સરનામું, ટેલિફોન નંબરની વિગત નીચે મુજબ છે.

| નામ તથા હોદ્દો | વિભાગનું નામ તથા સરનામું | ટેલિફોન નંબર/ ઇ-મેઇલ આઇ.ડી. |
|---|---|---|
| શ્રી નરેન્દ્રદાન એચ. ગઢવી,<br>સંયુક્ત સચિવ (સંકલન) | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫/૯ મો માળ, સચિવાલય, ગાંધીનગર | કચેરી: ૦૭૯-૨૩૨-૫૧૨૦૬<br>ઇ-મેઇલ આઇ.ડી.:<br>js-sje@gujarat.gov.in |

**(સંગીતા પટણી)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- શ્રી નરેન્દ્રદાન એચ. ગઢવી, સંયુક્ત સચિવ (સંકલન), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:

- સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત વહીવટી સુધારા પંચ(GARC), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે ઉપ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- રજીસ્ટ્રી ઇન્ચાર્જશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by:Sangita S. Patni*
*Section Officer*
*Date:2026.01.20*
*16:46:22 +5:30*